# અગત્યની સૂચનાઓ

આથી દરેક ઉમેદવારને જણાવવામાં આવે છે કે, હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ, ની જાહેરાત ક્રમાંક ૨૫/૨૦૧૭ તા.૨૧/૦૮/૨૦૧૭ અન્વયે (1) PA to Registrar-1 (2) Junior Clerk-25 અને (3) Typist-4 માટે કરેલ અરજીના અનુસંધાને લેખીત પરીક્ષા નીચે મુજબ યોજવામાં આવશે.

| જગ્યાનું નામ | તારીખ | સમય | પરીક્ષાનું સ્થળ |
|---|---|---|---|
| (1) PA to Registrar | ૦૩/૧૧/૨૦૧૯ રવિવાર | સવારે ૧૧: ૦૦ કલાકે | હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, કેમ્પસ પાટણ |
| (2) Junior Clerk | | | |
| (3) Typist | | | |

(૧) ઉમેદવારે ઉપરોકત પરીક્ષા માટે સ્વખર્ચે ઉપસ્થિત રહેવાનું રહેશે.

(૨) ઉમેદવારે પરીક્ષાના સમયથી એક કલાક પહેલા પરીક્ષા સ્થળ પર હાજર થઈ હાજરી પુરાવવાની રહેશે.

(૩) ઉમેદવારોની યાદી યુનિવર્સિટી વેબસાઈટ પર તા.૧૬/૦૯/૨૦૧૯ પછી પ્રસિધ્ધ કરવામાં આવશે.

(૪) યાદીમાં નામ હોય તેવા ઉમેદવારો તા.૧૫/૧૦/૨૦૧૯ બાદ પોતાની હોલ ટીકીટ યુનિવર્સિટી વેબસાઈટ પરથી ડાઉનલોડ કરી શકશે.

(૫) ઉમેદવારે હોલ ટીકીટની બે પ્રિન્ટ કાઢવાની રહેશે જેમાંની એક પ્રિન્ટ પરીક્ષા હોલમાં આપવાની રહેશે. હોલ ટીકીટ વગર કોઈપણ ઉમેદવારને પરીક્ષાખંડમાં પ્રવેશ આપવામાં નહી આવે અને હોલ ટીકીટમાં પરીક્ષાખંડ નિરીક્ષકની સહી કરાવી લેવી.

(૬) ઉમેદવારે હોલ ટીકીટમાં હોય તે જ નામનું સરકાર માન્ય ફોટો આઈડેન્ટીટી ઓરીજીનલ સાથે ફરજીયાત રાખવાનું રહેશે અન્યથા પરીક્ષાખંડમાં પ્રવેશ આપવામાં આવશે નહી.

(૭) પરીક્ષાખંડમાં ઉમેદવારે કોઈપણ જાતના ગાણિતીક કે સંચાર ઉપકરણ સાથે રાખી શકશે નહી. વધુમાં આવા ઉપકરણો મુકવા / સાચવવા માટે કોઈપણ પ્રકારની વૈકલ્પિક વ્યવસ્થા કરવામાં આવશે નહી જો કોઈપણ ઉમેદવાર પરીક્ષાખંડમાં આવા ઉપકરણ સાથે રાખેલ માલુમ પડશે તો આવતા બે વર્ષ સુધી યુનિવર્સિટીમાં ભરતી પ્રક્રિયા અંગેની કોઈપણ પરીક્ષા આપી શકશે નહી જેની દરેકે ખાસ નોંધ લેવી.

(૮) જાહેરાતમાં દર્શાવેલ લાયકાતો અને અન્ય શરતો પ્રમાણેની અરજી ઉમેદવારે કરેલ હશે અને દર્શાવ્યા પ્રમાણેના જરૂરી તમામ દસ્તાવેજો અરજી સાથે સામેલ કરેલ હશે તોજ ઉમેદવારનું નામ મેરીટયાદીમાં સમાવવામાં આવશે.

(૯) જે ઉમેદવારે જુનિયર કલાર્ક તેમજ ટાઈપીસ્ટ બંન્ને જગ્યા માટે અરજી કરેલ હશે તેમણે એકજ જગ્યા માટેની હોલ ટીકીટ પ્રિન્ટ કરવાની રહેશે.

(૧૦) ઉમેદવારે બધા જ ઉત્તરો તેમને અલગથી આપવામાં આવેલ ઉતરવહી (O.M.R. Sheet)માં આપવા. ઉત્તર આપવાની પધ્ધતિ પ્રશ્નપત્ર પર દર્શાવેલ હશે તે પ્રમાણેજ આપવાના રહેશે. ઉમેદવાર ઉત્તર બદલવા માટે વ્હાઈટનરનો ઉપયોગ કરી શકશે નહી. આપેલ જગ્યામાંજ બોલપેનથી નિશાની કરવાની રહેશે અને જો તેમાં ફેરફાર થશે અને કોમ્પ્યુટરમાં ઓળખાશે નહી તો તે ઉત્તર માન્ય રહેશે નહી.

(૧૧) પરીક્ષા બાદની કાર્યવાહીની સૂચના સમયાંતરે યુનિવર્સિટી વેબસાઈટ પર મૂકવામાં આવશે તે ઉમેદવારે વેબસાઈટ પર જોતા રહેવું.

(૧૨) પરીક્ષા સ્થળ હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, કેમ્પસ પાટણ રહેશે.

(૧૩) પરીક્ષા દરમ્યાન કોઈપણ ઉમેદવાર કોઈપણ સંજોગોમાં પરીક્ષાખંડ/પરીક્ષા કેન્દ્રમાંથી બહાર જવા દેવા કે છોડી જવા પરવાનગી આપવામાં આવશે નહી.

(૧૪) ઉમેદવારે પરીક્ષાખંડમાં ખંડનિરીક્ષક દ્વારા આપવામાં આવતી તમામ સૂચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે અને નિરીક્ષક કે અન્ય કામગીરી કરી રહેલ પરીક્ષા કર્મી સાથે કોઈપણ પ્રકારની દલીલ કે તકરાર કરવી નહી. સૂચનાનું પાલન નહી કરનાર ઉમેદવારે પરીક્ષામાં ગેરરીતી આચરી છે તેમ માનવામાં આવશે અને તે ઉમેદવારનું પરીણામ જાહેર કરવામાં આવશે નહી.

(૧૫) અન્ય આનુસંગિક અગત્યની સૂચનાઓ યુનિવર્સિટી વેબસાઈટ પરથી નોંધી લેવાની જવાબદારી માત્ર ને માત્ર ઉમેદવારની પોતાની રહેશે.